# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું યુગદર્શન

જયશ્રીબેન ગુલાબભાઈ ચૌધરી
અધ્યાપક સહાયક, શ્રી પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ.

**સારાંશ**

પ્રાચીન કાળથી ગુજરાતી સાહિત્યમાં ખેડાણ થતું આવ્યું છે. અને આગળ પણ થતું જ રહેશે. આજના અર્વાચીન યુગમાં ગુજરાતી સાહિત્યની અપેક્ષાએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એ અગત્યનો ભાગ ભજવે છે. મધ્યકાલીન સમયના સાહિત્યના સ્વરૂપો, વિષયવસ્તુ, નિરૂપણ રીતિ તેમજ પ્રયોજન એ અર્વાચીન યુગથી અલગ પડે છે. પ્રાચીન સમયનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એ સાદું, સીધુ અને નિર્ભાજ હતું. જે અર્વાચીન સાહિત્યની વૈવિધ્યતા અને સંકુલતા આજે આપણને જોવા મળે છે. તે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જોવા મળતી નથી. આમ, જોઈએ તો મધ્યકાળના જીવનની જે સ્વાભાવિક અભિવ્યંજના છે. તે આજે જોવા મળતી નથી. કહેવાય છે કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની જે સરસ્વતી છે તે આજના અર્વાચીન યુગમાં ગંગા અને યમુના ની જેમ મહાનપદ પર બિરાજમાન છે. આમ, સાહિત્ય સર્જનમાં સાહિત્યિક પરંપરાઓ, મૌલિક પ્રતિભા અને યુગીન પરિબળો મહત્વનો ભાગ ભજવે છે.

**ચાવીરૂપ શબ્દો** અર્વાચીન, મધ્યકાલીન, સાંસ્કૃતિક, સુવર્ણયુગ, જાજ્વલ્યમાન, જ્ઞાનવાણી, જ્ઞાનવિજ્ઞાન

## ૧.પ્રસ્તાવના

ગુજરાતી ભાષા – સાહિત્યમાં આચાર્ય હેમચંદ્રથી દયારામ સુધીના સમયગાળાના સાહિત્યસ્વરૂપોને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય માનવામાં આવે છે. ત્યારબાદ દલપત રામથી આજ સુધીના યુગને અર્વાચીન સાહિત્યનો યુગ માનવામાં આવે છે. આમ તો પ્રાચીન મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ઈ.સ. ૧૮૫૦ સુધીનું મનાય છે. અને ત્યારબાદના સમય પછીના સાહિત્ય સ્વરૂપને અર્વાચીન માનવામાં આવે છે. આપણી જે ગુજરાતી ભાષા છે તેના યુગોના આધારે ગુજરાતી સાહિત્યના ત્રણ યુગો પડે છે.

- પ્રાચીન
- મધ્યકાલીન અને
- અર્વાચીન

આ બધામાં પ્રાચીન ગુજરાતી સાહિત્ય એ ઝાઝું જોવા મળતું નથી. એમ કહીએ તો ચાલે કે એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની નિપજ છે. આપણા ઈતિહાસમાં પ્રાચીન કાળને પણ મધ્યકાલીન યુગ તરીકે જ ઓળખવામાં આવે છે.

## ૨.યુગ વિભાગ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો તેના યુગવિભાગમાં શ્રી કે.કા. શાસ્ત્રીના કેહવા પ્રમાણે સાત વિભાગ પડે છે. ૧. હેમયુગ, ૨. રાસયુગ, ૩. નરસિંહયુગ, ૪. નાકરયુગ ૫. પ્રેમાનંદયુગ, ૬. શામળયુગ, ૭. દયારામયુગ, પણ અહી આપણે કોઈપણ જાતના ઝીણવટભર્યા વિભાગમાં પડ્યા વગર નીચે મુજબના પાંચ યુગોનું નિર્માણ કરીએ છીએ.

### ૧. પ્રાંગ નરસિંહયુગ

જેમાં હેમયુગ, જૈનયુગ અને રાસયુગનો સમાવેશ થાય છે. આ યુગનો સમયગાળો ૧૧૦૦ થી ૧૪૦૦ નો માનવામાં આવે છે.

### ૨. નરસિંહયુગ

જેમાં આદિભક્તિયુગ અને પદયુગનો સમાવેશ થાય છે. જેનો સમયગાળો ઈ.સ. ૧૫૦૦ થી ૧૬૦૦ સુધીનો માનવામાં આવે છે.

### ૩. નાકરયુગ

જેમાં આખ્યાનયુગ-૧ નો સમાવેશ થાય છે. આ યુગનો સમયગાળો ઈ.સ. ૧૫૦૦ થી ૧૬૦૦ સુધીનો મનાય છે.

**૪. પ્રેમાનંદયુગ**

આ યુગ ને આખ્યાનયુગ-૨ તરીકે ઓળખવામાં આવે છે. આ યુગનો સમયગાળો ઈ.સ. ૧૬૦૦ થી ઈ.સ. ૧૭૦૦ સુધીનો માનવામાં આવે છે.

**૫. દયારામયુગ**

જેમાં ઉત્તર ભક્તિયુગ અને પદયુગનો સમાવેશ થાય છે. આ યુગનો સમયગાળો ઈ.સ. ૧૭૦૦ થી ૧૮૫૦ સુધીનો મનાય છે.

**(૧) પ્રાંગ-નરસિંહયુગ**

પ્રાંગ-નરસિંહયુગને હેમયુગ, રાસયુગ, મુક્તકયુગ, જૈનયુગ, દુહાયુગ તરીકે પણ ઓળખવામાં આવે છે.ગુજરાતી સાહિત્યએ ૧૧ માં શતકથી માનવામાં આવે છે. ઈ.સ. ૧૦૮૯ થી ૧૧૭૩ સુધી "સિદ્ધહેમ" કૃતિ મળે છે. જે હેમચંદ્રની છે. ત્યારબાદ નરસિંહ ના યુગ સુધી કોઈપણ પ્રકારનું સાહિત્ય મળતું નથી. હેમચંદ્રની રચના એ ગુર્જર અપભ્રંશ ભાષામાં છે.

ગુજરાતી સાહિત્યની પ્રથમ કૃતિ ૧૧૮૫ માં શાલિભદ્રસૂરિ રચિત "ભરતેશ્વર બાહુબલીરાસ" ને માનવામાં આવે છે. આ યુગમાં અસાઈન, ભીમ, શ્રીધર, અબ્દુર રહેમાન વગેરે જેવા કવિઓ થઈ ગયા. આ સમયમાં આપણને વ્યાકરણનો ગદ્યગ્રંથ "મુગ્ધાવબોધ મૌક્તિક" મળે છે. તેમજ "પૃથ્વી ચંદ્રચરિત" જેવી અનોખી કથાની ભેટ પણ મળી છે. ગુજરાતી સાહિત્યનો આ યુગ સાંસ્કૃતિક જીવન ઉપરાત રજપૂતયુગના જીવનમૂલ્યોના કવનનું પણ આપણને દર્શન કરાવે છે.

**૨. નરસિંહયુગ**

નરસિંહ મેહતાને આપણા ગુજરાતી ભાષાના આદિકવિ તરીકે નુ બિરુદ મળેલું છે. તેમણે જ્ઞાનભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિ તેમજ ઊર્મિગીતોની રચના આપણને આપી છે. આ યુગ ને પૌરાણિક ભક્તિપ્રવાહના યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયમાં નરસિંહ મેહતાના પ્રભાતિયા, રાસ, ભજનો, પદમાળા, આત્મચરિતના પદો વગેરે જેવા ભક્તિગીતો ખૂબ જ પ્રખ્યાત હતા. અને આજે પણ પ્રખ્યાત છે. જેમાનું "વૈષ્ણવજન તો તેને કહીએ" આ ભજન ગાંધીજીને ખૂબ જ પ્રિય હતું. અને આજના અર્વાચીન યુગમાં પણ આ ભજન ખૂબ જ લોકપ્રિયતા ધરાવે છે. આ યુગમાં પદ્મનાભનું 'કાન્હડદેપ્રબંધ', મલયચંદ્રનનું 'સિંહાસન બત્રીસી ચઉપઈ', નરસિંહ-ભાલણના આખ્યાનો જેવા કે 'કાદંબરી', ભીમની 'હરિલીલાષોડ્ષકલા', પદ્મનાભનો 'કાન્હડેપ્રબંધ' તેમજ માંડણની 'પ્રબોધ બત્રીશી' ખૂબ જ લોકપ્રિય પદમાળાઓ છે.

**૩. નાકરયુગ**

આ યુગ ને શ્રી કે. કા. શાસ્ત્રી, 'તેજોયુગ' કે જાજ્વલ્યમાનયુગ' તરીકે ઓળખવામાં આવે છે. આમ, જોઈએ તો નાકરયુગના આરંભમાં મીરાબાઈ પ્રેમલક્ષણાભક્તિ ઊર્મિકાવ્ય લઈને આવે છે. તેમજ ભાલણ પણ આખ્યાન લઈને આવે છે. આખ્યાનનાં પિતા તરીકે ભાલણ ને ઓળખવામાં આવે છે. પરંતુ આ યુગમાં એવું બને છે. નાકર પોતાના ત્રીસથી પણ વધારે આખ્યાનો લઈને આ યુગમાં પ્રવેશે છે. આથી આ યુગને નાકરયુગ તરીકે ઓળખવામાં આવે છે. આ યુગમાં નાકર ઉપરાંત ગણપતિ, નરપતિ, મધુસૂદન, વ્યાસ, લીલો, વચ્છરાજ, વિનયસમુ, કુશળ-લાભ, અતિસાર, નયસુંદર વગેરે જેવા કવિઓએ પોતાની પદ્યવાર્તાઓની રચના આપણને આપી છે. આ યુગની કૃતિઓની વાત કરીએ તો,

- નાકરનું 'નળાખ્યાન' અને વિરાટપર્વ,
- બ્રેહેદેવની 'ભ્રમરગીતા',
- કેશવદાસકૃત 'કૃષ્ણકીડાકાવ્ય',
- વિષ્ણુંદાસનું 'મામેરું',
- વજિયાનું 'રણગંજ',
- લાવણ્યસમયકૃત 'વિમળદાસ',
- નપસુંદરકૃત 'નલદમયંતી-રાસ (નળાખ્યાન)'

વગેરે જેવી રચનાઓ આપણને મળે છે.આ ઉપરાંત ગીતગોવિંદ, વેતાળપચીસી, પાંડવગીતા, વિષ્ણુસહસ્ત્રદાસ જેવી જ્ઞાનમાર્ગી કવિતાની સરવાણી આપણને પ્રાપ્ત થાય છે.

**૪. પ્રેમાનંદયુગ**

આ યુગને મધ્યકાલીન સાહિત્યનો 'સુવર્ણયુગ' માનવામાં આવે છે. સત્તરમાં શતકના આ યુગમાં અખો અને પ્રેમાનંદ જેવા ઉત્તમ કવિઓ થઈ ગયા. અખાને જ્ઞાનમાર્ગી કવિ તેમજ પ્રેમાનંદ ને પ્રેમસખી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બંનેમાં પ્રેમાનંદનું સાહિત્ય એ ઉત્તમ કક્ષાનું

માનવામાં આવે છે. આથી આ યુગને પ્રેમાનંદયુગ નામ આપવામાં આવેલ છે. આ જ યુગમાં મધ્યકાલીન સાહિત્ય એ અર્વાચીન યુગના તબક્કામાં પ્રવેશ કરે છે. અને આ યુગમાં તેને 'ગુજરાતી' નામ આપવામાં આવે છે.

આ યુગમાં પ્રેમાનંદની સાથે અખો, નરહરિ, ગોપાળ, બૂતો, ધનદાસ, શામળ, ભગવાનદાસ જેવવા જ્ઞાનવિજ્ઞાનની જ્ઞાન કવિતાના કવિઓ થઈ ગયા. શામળે અઢારમાં શતકમાં પધ્યવાર્તાઓની રચના કરી. તેમજ ત્રુષભદાસ, સમયસુંદર અને નપસુંદરનું વિશેષ શુદ્ધ સર્જન આ યુગમાં જોવા મળે છે.

આ યુગમાં વલ્લભમેવાડાના શક્તિભક્તિના ગરબા તેમજ પારસી સાહિત્યકાર પેશોમનના 'જરથોસ્તનામેહ, સ્યાવક્ષનામેહ, વિરહનામેહ અને અસ્પંદિયાર-નામેહ જેવી ચાર પદ્યકૃતિઓ આપણને પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત પ્રેમાનંદયુગમાં ગદ્યસાહિત્યની વાત કરીએ તો ભાગવત, યોગવાસિષ્ઠ, ગીતગોવિંદ, ભગવદગીતા વગેરે જેવી જાણીતી લોકવાર્તાઓ પણ આપણને પ્રાપ્ત થાય છે. પ્રેમાનંદયુગમાં જ્ઞાનના ગરવા વડલા સમાન અખો અને પ્રેમાનંદે જ્ઞાનકવિતાની રચના કરી છે. આથી આ યુગને સમૃદ્ધ યુગ કહીએ તો ઓછું નથી.

**૫. દયારામયુગ**

આ યુગને પદયુગ કે ગરબીયુગ તેમજ ઉત્તર ભક્તિયુગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ યુગમાં પ્રથમ તો શામળની પદ્યવાર્તાઓને બાદ કરીએ તો મુખ્યત્વે ઊર્મિકવિતાઓની ભરમાળ જોવ મળે છે.

આ યુગમાં શામળ ઉપરાંત રત્નો, રણછોડ, રાજે, રામકૃષ્ણ, થોભણ, રઘુનાથ, પ્રીતમ, રત્નાબાઈ, મીઠું વગેરે જેવા કવિઓએ આ યુગને પોતાની પ્રેમભક્તિ અને ગૌણ જ્ઞાનભક્તિથી સજાવ્યો છે. આ યુગમાં

- ધીરાની કાફીઓ,
- ભોજાના ચાબખા,
- નભેરામના છપ્પા,
- દાસી જીવણનાં પદો,
- રાજે-રણછોડ-પ્રીતમના જ્ઞાનપ્રેમના પદો,
- રત્નાનાં બારમાસ,
- કબીરપંથી સંતોની જ્ઞાનવાણી,
- સ્વામિનારાયણ સંપ્રદાયના ભજનો,
- દયારામની ગરબીઓ, જે ઉત્તમ પ્રકારની ચિરંજીવ સાહિત્ય રચના આપણને પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત ગૌરીબાઈ, દીવાળીબાઇ, કૃષ્ણાબાઈ જેવી સ્ત્રી કવિઓની ઉત્તમ રચનાઓ આપણને મળે છે.

**૩.સમાપન**

આમ, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સર્જનમાં ડોકીયું કરીએ તો પ્રાચીન સમયથી અર્વાચીન સુધી જતી તમામ સાહિત્ય રચના આપણને દર્શન થાય છે. જે આ આપણે ભક્તિ-જ્ઞાન-યોગ-વૈરાગ્ય-શુદ્ધતા-પૌરાણિકતા-વગેરેના દર્શન કરાવે છે.

**સંદર્ભ સૂચિ**

૧. પટેલ, બહેચરભાઇ ૨. 1993. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, પ્રથમ આવ્રુતિ, અમદાવાદ, નવભારત સાહિત્ય મંદિર.